શ્રી આદિનાથાય નમઃ
શેઠ આણંદજી કલ્યાણજી
પવિત્ર શ્રી શત્રુંજય ગિરિરાજ પર શોભાયમાન વિવિધ ટૂંકોના

# વાર્ષિક પુજા સત્કાર

## વાર્ષિક પૂજા સત્કારના લાભાર્થી માટે માર્ગદર્શિકા

- શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા તમને ફાળવવામાં આવેલા ટૂંક અથવા જિનાલયની સેવાભક્તિ નો લાભ જે તે વર્ષમાં કારતક સુદ પૂનમ થી અષાઢ સુદ ચૌદશ સુધી આપને મળશે.

- લાભાર્થીઓ આ સમય ગાળા દરમ્યાન એક વાર જે તે ટૂંક અથવા જિનાલયમાં બધા જિનબિંબોના સામુહિક ભવ્ય અઢાર અભિષેક મહોત્સવનું આયોજન કરી શકશે

- તમને ફાળવવામાં આવેલા જે તે ટૂંક અથવા જિનાલયની સાલગીરી દિવસ હર્ષોલ્લાસ પૂર્વક ઉજવવાની સાથે તે દિવસે જે તે ટૂંક અથવા જિનાલયના શિખરો પર ધ્વજારોહણ કરવાનું છે.

- જે ટૂંક અથવા જિનાલય ફાળવવામાં આવે છે, તેમાં કારતક સુદ પૂનમ થી અષાઢ સુદ ચૌદશ સુધીના આઠ મહિના દરમ્યાન અલગ અલગ અનુષ્ઠાનોનું યથાશક્તિ આયોજન કરવાનું  હોય છે, જેમ કે ભવ્ય સ્નાત્ર મહોત્સવ, શક્રસ્તવ અભિષેક, સત્તરભેદી પૂજા, બધા જિનબિંબોની અષ્ટપ્રકારી પૂજા વિગેરે ...

- તમારા શ્રી સંઘમાંથી જે કોઈ પવિત્ર શત્રુંજય ગિરિરાજની યાત્રાએ જાય છે, તેને ફાળવવામાં આવેલા ટૂંક અથવા જિનાલયમાં ભક્તિ કરવા માટે પ્રેરણા આપશો.

## લાભ કોણ મેળવી શકે છે અને લાભ મેળવવા માટે શું કરશો

- વાર્ષિક પૂજા સત્કારનો લાભ ભારત વર્ષના શ્રી સંઘમાંથી કોઈ પણ શ્રી સંઘ લઇ શકે છે, પરંતુ કોઈ મંડળ, ગ્રુપ કે અન્ય કોઈ સંસ્થા લાભ લેવા માંગે તો શ્રી સંઘના લેટર પેડ ઉપર આ સાથેનું ફોર્મ ભરીને મોકલવું, આ લાભ ફક્ત અને ફક્ત શ્રી સંઘને જ આપવામાં આવશે.

- વાર્ષિક પૂજા સત્કાર માટેનું અરજી ફોર્મ આ PDF માં ઉપલબ્ધ છે. તમારે તેનું પ્રિન્ટ આઉટ લઈને યોગ્ય સમય મર્યાદામાં જરૂરી કાગળો સાથે જોડીને પેઢીની અમદાવાદ ઓફિસ પર મોકલવાનું રહેશે.

- શેઠ આણંદજી કલ્યાણજી પેઢી બધી અરજીઓને ધ્યાનમાં લેશે અને ડ્રો સિસ્ટમ અથવા અન્ય કોઈપણ પદ્ધતિ દ્વારા શ્રી સંઘને ટૂંક ફાળવશે, આ અંગે શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનો નિર્ણય આખરી અને અબાધિત રહેશે.

## લાભ લેવા વાળા શ્રી સંઘે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી પડશે

- વાર્ષિક પૂજા સત્કાર ની સમય મર્યાદા ગુજરાતી તિથી મુજબ કારતક સુદ પૂનમ થી અષાઢ સુદ ચૌદશ સુધીની રહેશે.

- આ લાભ ફક્ત દરેક જિનબિંબ અને જિનાલયની સમર્પિતતા સાથે ભક્તિભાવથી પૂજા કરવા માટે આપવામાં આવી રહ્યો છે, ટૂંક ના વહીવટ કે ખર્ચ માટે કોઈ લાભ નથી,

- હા, લાભાર્થી શ્રી સંઘ તેમની ઇચ્છા હોય તો ફાળવેલ ટૂંક અથવા જિનાલયમાં થયેલા સાધારણ ખર્ચનો લાભ લઈ શકે છે, પરંતુ તે ફરજિયાત નથી.

- ખાસ ધ્યાન રાખવા વિનંતી કે તમારે પૂજારી અને પેઢીના કર્મચારી સાથે મળીને સેવા ભક્તિ કરવાની છે, તમારે પૂજારી અને પેઢીના કર્મચારી સાથે કોઈ નાણાકીય વ્યવહાર કરવાનો નથી

- તમે પેઢીને લેખિતમાં મહત્વપૂર્ણ સૂચનો આપી શકો છો, પેઢી તેના પર વિચાર કરશે અને નિર્ણય લેશે.

- વાર્ષિક પૂજા સત્કાર નો લાભ જે જિનાલય અથવા ટૂંક માટે આપવાનો છે તેનું લિસ્ટ આગળના પાના પર છે.

## વિશેષ માહિતી માટે સંપર્ક કરો

- RUPESHBHAI – 9825207560
- DARSHANBHAI – 9374814531
- DILIPBHAI PANCHAL – 9428000603

## ફોર્મ ભરીને ફિઝિકલ ફોર્મ મોકલવાનું સરનામું

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, 25, વસંત કુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી,
અમદાવાદ – 380007, ગુજરાત

**પવિત્ર શત્રુંજય ગિરિરાજ પર વાર્ષિક પૂજા સત્કાર માટે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા ફાળવવામાં આવનાર ટુંક / જિનાલયની યાદી**

- શ્રી સવાસોમાજી (ચૌમુખજી) ની ટૂંક અને પાંચ પાંડવોનું દેરાસર
- શ્રી છિપા વસહી ની ટૂંક (શ્રી અજિતનાથજી - શ્રી શાંતિનાથજી ની દેરી સાથે)
- શ્રી સાકરશાની ટુંક (સાકર વસહી)
- શ્રી નરશી કેશવજી ની ટૂંક અને શ્રી સવા-સોમાજી ની ટૂંક ની પહેલાંના પરિસર માં રહેલ અન્ય દેરાસરો
- શ્રી હેમાભાઈ ની ટૂંક
- શ્રી મોદીની ટુંક (પ્રેમા વસહી)
- શ્રી ઉજમ ફઇ ની ટુંક
- શ્રી બાલાભાઈ ની ટુંક (શ્રી અદબદજી દાદા ના જિનાલય સાથે)
- શ્રી પાંચ શિખર દેરાસર (રામપોલમાં પ્રવેશતાની સાથે જ બરાબર સામે આવે છે)
- શ્રી શાંતિનાથજી નું દેરાસર , શ્રી નેમિનાથજી ની ચોરી, વચ્ચેના અન્ય નાના દેરાસરો , શ્રી કુમારપાલ દેરાસર
- શ્રી કેશવજી નાયક નું દેરાસર , શ્રી અમીઝરા પાર્શ્વનાથ નું દેરાસર અને નજીકના અન્ય નાના દેરાસરો , સો થાંભલા નું દેરાસર, કપડવંજનું દેરાસર

શ્રી આદિનાથાય નમઃ
શેઠ આણંદજી કલ્યાણજી પેઢી – અમદાવાદ

# પવિત્ર શ્રી શત્રુંજય ગિરિરાજ પર શોભાયમાન વિવિધ ટૂંક ના વાર્ષિક પુજા સત્કાર નો લાભ લેવા માટે આવેદન પત્ર

અરજી કરનાર શ્રી સંઘનું નામ ______________________________
(પૂરું નામ લખો)
પત્ર વ્યવહાર નું સરનામું ______________________________
______________________________

ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર ______________________________

શ્રી સંઘના સભ્યોની સંખ્યા ______________________________

મુખ્ય ટ્રસ્ટીનું નામ ______________________________

મુખ્ય ટ્રસ્ટીનો મોબાઇલ નંબર ______________________________

સંપર્ક કરવા માટે નામ ______________________________

સંપર્ક કરવા માટે મોબાઇલ નંબર ______________________________

સંપર્ક કરવા માટે વોટ્સએપ નંબર ______________________________

સંપર્ક કરવા માટે ઈ - મેઈલ ______________________________

અમે પેઢીની વાર્ષિક પૂજા સત્કાર યોજના ના બધા નિયમો વાંચ્યા છે અને તે મુજબ અમારા શ્રી સંઘ ને લાભ લેવાની ઇચ્છા હોય, તો અમેને લાભ આપવા વિનંતી કરીએ છીએ.

મોબાઇલ નંબર ______________ મુખ્ય ટ્રસ્ટીનું નામ ______________

તારીખ ______________ મુખ્ય ટ્રસ્ટી ની સહી ______________

---

- આ યોજના મા લાભ લેવા માટે 09-08-2026 અષાઢ વદ અગ્યારસ થી 16-09-2026 ભાદરવા સુદ પાંચમ સુધી આ ફોર્મ ની પ્રિન્ટ કાઢી તેમાં વિગત ભરી પેઢી ની અમદાવાદ ઓફીસ પર ફીઝીકલ ફોર્મ મોકલવું , સાથે તમારા શ્રી સંઘ ના લેટર પેડ ઉપર મુખ્ય ટ્રસ્ટી ની સહી સાથે ની લાભ લેવા માટે ની સાદી અરજી લખી ને મોકલવી
- બધી અરજી મળ્યા બાદ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા બધી અરજી ને ધ્યાન માં લઈને ડ્રો સિસ્ટમ વડે કે અન્ય રીતે શ્રી સંઘ ને ટૂંક એલોટ કરવામાં આવશે, તેમાં બધાજ હક શેઠ આણંદજી કલ્યાણજી પેઢી ના રહેશે